6A


# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩ 107 તારીખ: 21/11/23

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

જાડેજા દિપ્તીબા હરદેવસિહ

પ્લોટ નંબર ૪૩ સર્વે નંબર ૯૨ જુના ૩૬/૩

રોયલ સીયા-અંતર જાળ

વિષય: જુલાઇ/ઓગષ્ટ ૨૦૨૩ ના બીલમાં ભુલ બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૩/૦૦૧/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ગાંધીધામ

સદર નિર્ણયપત્રની નક્લ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહ્ક તકરાર નિવારણ ફોરમ અને લોક્પાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુક્મના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ ક્ચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, આદીપુર

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન નંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email - forumbhuj.pgvcl@gebmail.com.


કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG003-001-2023-24

જાડેજા દિપ્તીબા હરદેવસિહ

ગામ:- અંતરજાળ , તા.ગાધીધામ જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, ગાંધીધામ -કચ્છ...........સામાવાળા.

બાબત:- માસ જુલાઇ-ઓગષ્ટ ૨૦૨૩ ના બીલમાં ભુલ બાબત

અરજદાર તરફે :- હાજર રહેલ નથી સંમતી પત્રક રજુ કરેલ છે

સામેવાળાના તરફે :- ડી.આર.ધાડીયા (કાર્યપાલક ઈજનેર)

પીજીવીસીએલ ગાધીધામ વિભાગીય કચેરી

કોરમ: (૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

(૩) એ.એસ.ચૌધરી - મેમ્બર (ટેક)

સુનાવણી સ્થળ:- પીજીવીસીએલ વર્તુળ કચેરી, અંજાર

તા.: ૨૧/૧૧/૨૦૨૩

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. BHUJ

# ઠરાવ

આ કામના અરજદાર દિપ્તીબા હરદેવસિંહ ને એવી રજુઆત છે કે માસ જુલાઇ /ઓગષ્ટ ૨૦૨૩ માં જુના પાછળ ના રીડીંગ ૩૯૬૫ અને ચાલુ રીડીંગ ૩૯૬૫ છે મતલબ કે વપરાશ ૦ યુનીટ થાય જયારે તારીખ ૦૧.૦૮/૨૦૨૩ નો રોજ મારુ ઉપરોકત કનેકશન માં મીટર ચેંજ થયેલ જે નવુ મીટર લગાડેલ છે તેના જુના મીટર ના રીડીંગ ૪૦૪૧ હતા જે મીટર લગાડવા આવેલ ભાઇ એ જે ફોર્મ મા સહી લીધી તેમા બતાવેલ છે આમ કુલ્લ બીલ મારુ ૪૦૪૧-૩૯૬૫= ૭૬ યુનીટ અને હાલ ના યુનીટ ૨૦૩ = ૨૭૯ યુનીટ થાય તેમની જ્ગ્યા એ મને ૨૭૦૮.૮૬ રુ ૩૭૦ યુનીટ નો બીલ આપવામાં આવેલ તે કેવી રીતે થાય આ બાબતે મે પીજીવીસીએલ કચેરી માં ફરિયાદ નોંધાવેલ છે જેમનુ નિરાકરણ આવેલ નથી

બીજી તરફ પીજીસીએલના અધિકારીઓ દ્વારા રજૂઆત એવી છે કે સદર ગ્રાહક જાડેજા દીપ્તીબા હરદેવસિંહ રહે પ્લોટ નંબર ૬-૪૩- સર્વે નંબર ૯૨ રોયલ સીયા અંતરજાળ તાલુકો ગાંધીધામ ગ્રાહક નંબર ૩૮૪૧૨/૧૩૨૫૨/૧ માં ૪ કીલો વોટ ધરાવતુ સિંગલ ફેઝ ધરવપરાશ નુ (RGPR) હેતુ નુ વાળાનુ જુનુ મીટર નંબર PGST-04760702 તારીખ ૦૧.૦૮.૨૦૨૩ નો રોજ બદ્લી નવુ મીટર નં GST 05549323 લગાડવામાં આવેલ જે તે બીલીગ વખતે મીટર ચેંજ એન્ટ્રી સિસ્ટ્મ મા અપડેટ ન થતા માસ જુલાઇ ઓગષ્ટ ૨૦૨૩ નુ પ્રોવીઝ્નલ બીલ રક્મ રુ ૨૭૦૮.૮૬ આપવામાં આવેલ તારીખ ૦૧.૧૧.૨૦૨૩ ના રોજ મીટર ચેન્જ ની એંટ્રી સાથે જુના મીટર નંબર PGST-04760702 ના છેલ્લા મીટર વાંચન ૪૦૪૧ પ્રમાણે ૭૬ યુનીટ તથા નવા મીટર નંબર 05549323 ના મીટર વાંચન ૬૩૮ યુનીટ એમ ૭૧૪ યુનીટ વપરાશ મુજબ બીલ રુ ૫૧૮૦.૮૬ આપવામાં આવેલ જેમાથી માસ જુલાઇ ઓગષ્ટ ૨૦૨૩ નુ પ્રોવીઝ્નલ બીલ રક્મ રુ ૨૬૮૯.૬૫ રક્મ બાદ કરતા માસ સપ્ટે –ઓક્ટો ૨૦૨૩ નુ રુ ૨૪૯૦.૦૭ નુ બીલ કંપની ના નિયમ અનુસાર ઇસયુ કરવામાં આવેલ છે જે બીલ હજુ સુધી ગ્રાહક દ્વારા ભરપાઇ કરવામાં આવેલ નથી આ સાથે ઉપરોકત માસ જુલાઇ -ઓગષ્ટ ૨૦૨૩ તેમજ માસ સપ્ટે –ઓક્ટો ૨૦૨૩ ની લેજર કોપી ની નકલ સામેલ કરેલ છે વધુ મા પીજીવીસીએલ તરફથી તારીખ ૨૧/૧૧/૨૦૨૩ ની બેઠ્ક મા રજુઆત મુજબ ઉપરોકત બાબતે સદરહુ ગ્રાહક્ને વિગત વાર સમજણ આપેલ હોઇ અને સદરહુ બાબત ગ્રાહક ની ફરિયાદ નુ સંતોષ કારક નિરાકરણ થયેલ હોઇ ગ્રાહ્ક દ્વારા અપાયેલ સંમતિપત્રક રજુ કરેલ છે.

ફોરમ નુ તારણ

બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ પીજીવીસીએલ દ્વારા સદરહુ આરજદાર ને અપાયેલ માસ જુલાઇ /ઓગષ્ટ ૨૦૨૩ નો પ્રોવીઝ્ન બીલ બાબત ની છે સદરહ પ્રોવીઝન બીલ ગ્રાહક ની મીટર ચેંજ ની એંન્ટ્રી ન આવવાને કારણે થયેલ છે જે ત્યારબાદ ના બીલ મા આવી જવાથી માસ સપ્ટેમ્બર /ઓકટો ૨૦૨૩ ના બીલ મા સદરહુ આરજ્દારને પ્રોવીઝન બીલ ની રક્મ બાદ આપવામાં આવેલ છે અને તે બાબતે અરજ્દાર ને સમજણ અપાતા તેમણે પોતાની ફરિયાદ પરત ખેચવાની સંમતી આપેલ છે આમ ફરિયાદ નુ સુખદ નિરાકરણ થયેલ છે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ઉપરોકત કેસમાં ફરિયાદીની ફરિયાદ નુ સુખદ નિરાકરણ થયેલ હોઇ અત્રેની ફોરમ ને વધુ કોઇ હુકમ કરવાનો રહેતો નથી

- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (એ.એસ. ચૌધરી) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -૩,ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ